# બનાસકાંઠા-સાબરકાંઠામાં ભાજપનો વિજયોત્સવ ઉજવાયો





















## આ પણ વાંચીએ...

**● ગુલાબના બુકે પણ હવે ભાડે મળે છે**

હમણાં સુધી તમે ભાડાના મકાન, કાર, કપડાં અને ઘરેણાં વગેરે બાબતે સાંભળ્યુ હશે પરંતુ રશિયામાં હવે ભાડેથી બુકે પણ મળે છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિને તેની પહેલ કરવામાં આવી. જુદા જુદા પ્રકારના આ બુકેનો ફોટો ક્લીક કરી તમે તેને ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર શેર કરી શકો છો. રશિયામાં મહિલા દિનની ઉજવણી ખુબજ ધામધૂમથી કરવામાં આવે છે. ફૂલોનો વેડફાટ અટકાવવા આ પ્રયોગ કરી ઘણાએ મહિલાઓને બુકે આપ્યા હતા.



**● ડ્રાઈવીંગ દરમ્યાન ડાબે વળવુ છે કે જમણે તે બતાવશે ટી-શર્ટ**

જરા વિચાર કરો તમે રસ્તા પર ડ્રાઈવીંગ કરી રહ્યા છો, તમને ખબર નથી કે આગળ કોઈ ખાડો છે કે વળાંક છે. અચાનક જ તમારી ટી-શર્ટ તમને આ બાબતે એલર્ટ કરે છે. આ વાતો તમને કોઈ ફિલ્મની સ્ટોરી જેવી લાગશે. પરંતુ વોશિંગ્ટન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહેલા ભારતીય મૂળના એન્જિનિયરે આ બાબતને સાચી બનાવી દીદી છે. આ એન્જિનિયરે એવુ ટી-શર્ટ બનાવ્યુ છે જે એફએમ રેડિયોની જેમ કામ કરશે.

**● ૯૫ વર્ષિય ભારતીય મહિલાએ કરી દુનિયાની સફર**

શોખ પૂરો કરવા માટે ઉંમરની સીમાઓ નડતી નથી તે ૯૫ વર્ષિય મહિલા અન્નાકુટ્ટી સાયમને પુરવાર કર્યુ છે. કેરળના સુરમ્ય ગામમાં રહેતા અન્નાકુટ્ટીને ફરવાનો ખુબ શોખ છે. ૭૫ વર્ષની ઉંમર સુધી તેઓએ ભારત ભ્રમણ પુરૂ કર્યુ હતુ. ૯૫ વર્ષની ઉંમરે તેઓએ અડધી દુનિયાની સફર કરી લીધી છે. હજુ તેઓ મધ્યપૂર્વના દેશોનો પ્રવાસ કરવા ઈચ્છે છે.

## ઉત્તરપ્રદેશના ૧૪૫ મિહલા સરપંચોએ ગ્રામસેવા કેન્દ્ર સાદરાની મુલાકાત લીધી

ગ્રામ સેવા કેન્દ્ર ગુજરાત વિદ્યાપીઠ સાદરાની મુલાકાતે ઉત્તરપ્રદેશ રાજયની ૧૪૫ મહિલા સરપંચોએ મુલાકાત લીધી હતી. સાદરાના સરપંચ રેવાબેન ધરમશીભાઈ દેસાઈ તલાટી અને ગામના સભ્યો પણ સામેલ હતા. ગ્રામસેવા મહાવિદ્યાલય સાદરાના સંયોજક ડૉ. કનૈયાલાલ નાયકે માર્ગદર્શન આપ્યું હતું. મહાવિદ્યાલયના પ્રા. મોતી દેવુએ ગુજરાત વિદ્યાપીઠનો પરિચય, સાદરા કેમ્પસમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી. શારીરિક શિક્ષણ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા વાર્ષિક રમતોત્સવની તૈયારી માટેની પ્રવૃત્તિ પણ સરપંચોએ નિહાળી હતી. ત્યારબાદ પાણી શુધ્ધિકરણના પ્લાન્ટની અને ગૌશાળાની મુલાકાત પણ તેઓએ લીધી હતી. પ્રા. રમેશભાઈ પટેલે ગૌશાળામાં ગાયો અને દૂધ ઉત્પાદન વિષે વિગતે માહિતી આપી હતી. ત્યાર બાદ સૌએ મધ્યસ્થ ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. ગ્રામસેવા કેન્દ્ર વિષે પ્રા. રમેશભાઈ પટેલ અને પ્રા. મોતી દેવુએ વિદ્યાપીઠની પ્રવૃત્તિઓ વિષે મુલાકાતે આવનાર સરપંચશ્રીઓને અભિમુખ કર્યા હતા.

# રાજ્યભરમાં ફરી ઠંડીનો ચમકારો

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ફરી એકવાર ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે અને લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૦.૨ અને મહત્તમ તાપમાન ૩૦.૬ ડિગ્રી નોંધાયું હતું. બીજી બાજુ પાટનગર ગાંધીનગરમાં તો પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો હતો. ગાંધીનગરમાં પારો ૯.૫ ડિગ્રી નોંધાયો હતો. બીજી બાજુ નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી નોંધાયું હતું. રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઝડપથી ફેરફાર થઈ રહ્યો છે જેથી તબીબો સાવધાની રાખવાની સલાહ આપી રહ્યા છે. મિશ્ર વાતાવરણનો માહોલ ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં જોવા મળી રહ્યો છે. મોડી રાત્રે અને વહેલી સવારે વાતાવરણમાં ઠંડક જોવા મળી રહી હતી. જ્યારે બપોરના ગાળામાં ગરમીની અસર જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનયિ છે કે અપર એયર સાયક્લોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં હવામાનમાં એકાએક જોરદાર પલ્ટો આવ્યો હતો. ગુજરાતના અનેક ભાગોમાં વરસાદ પડ્યો હતો. ઉત્તર અને દક્ષિણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં પવન સાથે વરસાદ થયો હતો. શુક્રવારના દિવસે નવસારી, દાહોદ, અંબાજી, પાટણ, અમીરગઢમાં વરસાદ થયો હતો. આ ઉપરાંત અન્ય ઘણા ભાગોમાં પણ વરસાદ પડ્યો હતો. જેમાં મહીસાગરના આસપાસના વિસ્તારો અને કલ્યાણપુર, ખંભાળીયા, દ્વારકામાં વરસાદી છાંટા પડ્યા હતા. લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતિ રહી છે. બીજી બાજુ સિઝનમાં વારંવાર ફેરફારના લીધે બીમારી ફેલાવવાની શક્યતા પણ દેખાઈ રહી છે.

## ૨૦૨૨ના લક્ષ્યાંકો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. અમારી પાસે પાંચ વર્ષનો સમય છે. જો ૧૨૫ કરોડ લોકો દર વર્ષે એક નવા સંકલ્પ લે છે તો તેને તેને પૂર્ણ કરી શકાય છે. જો દર વર્ષે ૧૨૫ કરોડ લોકો એક નવા સંકલ્પ લેશે અને તેને પૂર્ણ કરે છે તો ભારત પાછળ રહેશે નહીં. મોદીએ દેશના ગરીબ અને મધ્યમવર્ગના લોકોને જોડીને કહ્યું હતું કે, ૬૫ ટકા યુવાનો અને મહિલાઓના સપનાથી ન્યુ ઈન્ડિયા તૈયાર કરવામાં આવશે. ગરીબોની મહેનત અને મિડલક્લાસના સપનાથી અમે ન્યુ ઈન્ડિયા તૈયાર કરીશું. મોદીએ ભાજપ ઓફિસમાં કાર્યકરોને સંબોધતા કહ્યું હતું કે, આ ન્યુ ઈન્ડિયા છે. એવા ન્યુ ઈન્ડિયા છે જેમાં દેશના ગરીબ લોકોમાં કઈ મેળવવાના બદલે કંઈક શોધ કરવાની તક છે. દેશના ગરીબ લોકો લેવાની માનસિકતાને છોડી ચુક્યા છે. આ લોકો કહે છે કે, તેઓ પોતાની તાકાત ઉપર આગળ વધવા માંગે છે. માત્ર તક આપવામાં આવે મહેનત કરવા માટે તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, આ ચૂંટણીમાં કોણ જીત્યા છે અને કોણ હાર્યા છે તેઓ આ હદમાં રહેવા વાળા વ્યક્તિમાં નથી. ચૂંટણી જીત ભાજપ માટે પ્રજાના પવિત્ર આદેશ સમાન છે. તેઓ આદેશને પાળે છે. ભગવાને જેટલી ક્ષમતા આપી છેતેના કરતા વધારે કામ કરવાની જરૂર છે. તેમણે કાર્યકરોને સલાહ આપતા કહ્યું હતું કે, કોઈ વૃક્ષ ઉપર જ્યારે વધારે ફળ લાગે છે ત્યારે તે ઝુંકવા લાગી જાય છે. સંયમ જાળવી રાખવા કાર્યકરોને મોદીએ સંકેત આપ્યો હતો. મોદીએ હાલ કરતા વધારે પરિશ્રમ કરવા કાર્યકરોને અપીલ કરી હતી.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

દિવસોની એ રાજદ્રોહની જોગવાઈ આજે પણ લોકશાહી ભારતમાં અકબંધ જળવાઈ છે.

ગાંધીજી અને સરદાર પટેલ બેઉ સ્મારકો અને પ્રતિમાઓના વિરોધી હોવા છતાં ભારતમાં આ બંને મહાનુભાવોનાં સૌથી વધુ સ્મારકો કે પ્રતિમાઓનાં દર્શન થાય છે. આ જ સ્પર્ધામાં દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત નેહરુ અને બંધારણ મુસદ્દા સમિતિના વડા અને પ્રથમ કાયદા પ્રધાન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓ અને સ્મારકો કહી શકાય. નેતાઓનાં કલ્ટ કે સંપ્રદાય ઊભા થાય છે ત્યારે અપેક્ષા એટલી જ કરી શકાય કે સંબંધિતોનાં સ્મારક,સંગ્રહાલય કે પ્રતિમાઓમાંથી નવી પેઢી પ્રેરણા લઈ શકે એ રીતે એ જીવંત બને તો જ ગનીમત. દાંડીસ્મારકની જાહેરાત ૨૦૦૫માં તત્કાલીન વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહે કરી હતી, પણ પાંચ વર્ષ સુધી એના માટે આર્થિક જોગવાઈ થઈ નહોતી. જોકે દાંડી માર્ગ અને દાંડી સ્મારકની આર્થિક જોગવાઈ ડૉ.મનમોહન સરકારે કરી હતી.યુપીએ સરકારે નિયુક્ત કરેલી દાંડીસ્મારક માટેની ઉચ્ચસ્તરીય સમિતિના અધ્યક્ષ ગોપાલકૃષ્ણ ગાંધી (મહાત્મા ગાંધીના પૌત્ર અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ રહેલા તમિળનાડુ કૅડરના નિવૃત્ત આઈ.એ.એસ.અધિકારી)એ મે ૨૦૧૪માં કેન્દ્રમાં સરકાર બદલાતાં વિવેકને અનુસરીને હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. જોકે તેમના વડપણવાળી સમિતિના ઉપાધ્યક્ષ ડૉ.સુદર્શન આયંગાર (ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક—વાઈસ ચાન્સેલર) સમિતિના ઉપાધ્યક્ષ હતા એટલે અત્યારે તેઓ અધ્યક્ષની જવાબદારી સંભાળી રહ્યા છે.તેમણે અમને જણાવ્યું હતું કે ૮૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ રહેલા દાંડીસ્મારકની ડિઝાઈન મંજૂર થઈ ગઈ છે. અગાઉ બે વાર ટૅન્ડર મંગાવાયાં હતાં, પણ એ બરાબર નહીં હોવાને કારણે હવે તે ફરી મંગાવીને નિર્ણય કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે. વિધિની વક્રતા તો જુઓ કે દેશના રાષ્ટ્રપિતાના દાંડીસ્મારકની જાહેરાત વર્ષ ૨૦૦૫માં થઈ હતી અને હજુ આજે ૨૦૧૭માં પણ એ સ્મારક ટૅન્ડર-પ્રક્રિયામાં જ અટવાયેલું છે !

haridesai@gmail.com

## બાજ નગર રહેશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેસ દાખલ કરવા સુધીની કાર્યવાહી હાથ ધરાશે. જયારે વોટસએપ પર ખોટા પ્રશ્નપત્રો વાઈરલ કરકર કરનારા તત્વો પર સાઈબર ક્રાઈમનો ગુન્હો દાખલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને આવી અફવાથી ન દોરાવા પણ શિક્ષણાધિકારીએ જણાંવ્યુ છે. જયારે આ પ્રકારની કોઈપણ માહીતી મળે તો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં ૨૩૨૫૯૦૬૬ પર સંપર્ક કરવા માટે જણાંવાયુ છે.

## બેઠક વ્યવસ્થાની જાણકારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધ રાખવા ઉપરાંત શિક્ષકો તેમજ સ્થળ સંચાલકોને મોબાઈલ સાથે ન રાખવા કડક સુચના આપી દેવામાં આવી છે. પ્રત્યેક પરીક્ષા ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે. આ ઉપરાંત ગેરરીતીને અટકાવવા સ્કોવોર્ડની ટીમમાં વર્ગ-૧ ના અધિકારીઓ પણ સતત વોચ રાખશે. જિલ્લાના પરીક્ષાર્થીઓ માટે ૧૪ માર્ચના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પોતાની બેઠક વ્યવસ્થા અંગે જાણકારી મેળવી શકશે. કોઈપણ વિદ્યાર્થી પોતાની બેઠક વ્યવસ્થા જોવા માટે વર્ગ ખંડમાં પ્રવેશ મેળવી શકશે નહીં આ માટે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કોઈપણને વર્ગખંડમાં પ્રવેશ નહીં આપવા દેવા સુચના આપવામાં આવી છે.

## સરકાર રચવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ તમામની ભૂમિકા સરકારની રચનામાં કિંગમેકર તરીકેની રહેશે. ભાજપે આ તમામને મનાવવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. ગોવામાં મુખ્યમંત્રી માટે મનોહર પારીકરને રજૂ કરવાના પ્રયાસો પણ શરૂ થઈ ચુક્યા છે. ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ રક્ષામંત્રી મનોહર પારીકરને મુખ્યમંત્રી બનાવવાની માંગ કરી છે. એમજીપીએ પણ ભાજપને સમર્થન આપવા માટે પારીકરને મુખ્યમંત્રી બનાવવાની શરત મુકી છે. આવી સ્થિતિમાં શક્યતા છે કે, પારીકર કેન્દ્રની રાજનીતિમાંથી નિકળીને ફરીવાર ગોવાની રાજનીતિમાં પ્રવેશી જશે. ગોવાના ભાજપ ધારાસભ્યો ઈચ્છે છે કે, મનોહર પારીકરને મુખ્યમંત્રી બનાવવામાં આવે. ભાજપના ધારાસભ્યો માઈકલ લોબોએ કહ્યું છે કે, ધારાસભ્યોએ એવો નિર્ણય કર્યો છે કે, મનોહર પારીકરને મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે રજૂ કરવામાં આવે તે જરૂરી છે. જીએફપી અને એમજીએફ પર આ તમામ બાબત આધારિત રહેશે. મનોહર પારીકરને જો સમર્થન મળશે તો ભાજપની સરકાર બની શકે છે. ભાજપ મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટી અને ગોવા ફોરવર્ડ પાર્ટીના સમર્થન સાથે સંરક્ષણમંત્રી મનોહર પારીકરને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવામાં આવી શકે છે. આ સંદર્ભમાં કોઈ સત્તાવાર જાહેરાત થાય તેવી શક્યતા છે. બીજા પક્ષો અને અપક્ષોના સહારે સરકાર બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ગોવામાં સરકાર બનાવવા માટે ૨૧ સીટોની જરૂર છે. એનસીપીના એક સભ્યની સાથે તેનું સંખ્યાબળ ૧૮ થઈ શકે છે. આવી સ્થિતિમાં બીજા ત્રણની જરૂર પડશે. બીજી બાજુ ભાજપ ગોવામાં સરકાર રચવા માટેનો દાવો કરી શકે છે. મુખ્યમંત્રી તરીકે મનોહર પારીકરના નામને લઈને ઠરાવ પસાર કરવામાં આવી ચુક્યો છે. મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટી ભાજપને ટેકો આપી શકે છે. બીજી બાજુ ગોવા ફોરવર્ડ પાર્ટી પાસેથી પણ આશા દેખાઈ રહી છે. ભાજપની ગણતરી છે કે, નાના પક્ષોને આવરી લેવા માટે મદદ કરવામાં આવશે. રાજ્યના વિકાસ માટે સ્થિર સરકારની ખાતરી કરવા તેમને અપીલ કરવામાં આવશે. હકારાત્મક ચિત્ર રજૂ કરતા ભાજપના જનરલ સેક્રેટરી રામ માધવે કહ્યું છે કે, એમજીપીના લોકો કહી ચુક્યા છે કે ભાજપને ટેકો આપી શકાય છે. કોંગ્રેસે પણ જીએફપી અને એમજીપી સાથે હાથ મિલાવવાના રસ્તા ખુલ્લા રાખ્યા છે. વેણુગોપાલને આ સંદર્ભમાં જવાબદારી સોંપવામાં આવી છે. મનોહર પારીકરના નેતૃત્વમાં ૨૦૧૨ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થઈ હતી.

